ગાંધીનગર સમાચાર

ભારત વિકાસ પરિષદના ઉપક્રમે

# શ્રીમતી આર જી પટેલ કન્યા શાળા ખાતે 'ભારત કો જાનો' જ્ઞાન પરીક્ષા યોજાઈ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા ભારત વિકાસ પરિષદના ઉપક્રમે 'ભારત કો જાનો' જ્ઞાન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને વિભાગની કુલ ૧૦૮ વિદ્યાર્થિનીઓએ આ ઉપક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ શાળા પરિવારના ગૌરવમાં વધારો કર્યો હતો.

# આરજી-એસજી સ્કૂલ તાલુકા ખો-ખોમાં અવ્વલ



ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની ટીમે ખેલ મહાકુંભની અન્ડર-૧૭ વિભાગની ખો-ખો સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ વિજેતાક્રમ પ્રાપ્ત કર્યો છે અને જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી છે.

ટીમનાં માર્ગદર્શક ઉર્વશીબેન જોષી અને ટીમને આચાર્ય તથા શાળા પરિવાર દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## જન્મદિને વધામણી



જિજ્ઞેશ જાની

મો. ૯૮૭૯૯ ૭૩૫૨૯



પ્રિયલ કે ગોર

મો. ૯૮૨૫૨ ૫૧૧૯૯


જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



બાળકોના સર્વાંગી વિકાસની પ્રક્રિયામાં શિક્ષણની સાથે સાથે મૂલ્ય શિક્ષણ પણ એટલું જ અગત્યનું છે એ જરૂરિયાતને સમજી બાળકોમાં ધાર્મિકતાપ્રગટે અને સાત્વિક વિચારોનો વિકાસ થાય તે આશયથી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા શાળાના મુખ્ય પ્રવેશ દ્વારમાં ગણપતિજી, લક્ષ્મીજી અને સરસ્વતી માતાની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રસંગે મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞના મુખ્ય યજમાન તરીકે શાળા પરિવારના ટ્રસ્ટી નિલેષ પટેલ અને કિનાબેન ઉપસ્થિત રહ્યાં હતાં.

# એમ બી પટેલ અંગ્રેજી સ્કૂલમાં શિક્ષકદિનની ઉજવણી




ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે શિક્ષક દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થી શ્રેય પ્રજાપતિએ આચાર્યની ભૂમિકા અદા કરી હતી, જેમની સાથે ૫૬ વિદ્યાર્થીઓએ શિક્ષકોની ભૂમિકા ભજવી સમગ્ર સ્કૂલનું એક દિવસનું શિક્ષણકાર્ય સંભાળી લીધું હતું. આ ઉજવણીનું સંચાલન શિક્ષક સુપર્ણા મુખર્જી અને શિલ્પા ઠક્કર દ્વારા આચાર્ય અર્પિત ક્રિશ્ચિયનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# ભવન્સ હૉલ ખાતે આજથી એકાંકી નાટ્યસ્પર્ધા યોજાશે

## કુલ ૩૧ નાટ્યજૂથો પોતાના નાટ્ય પ્રયોગ ૩ દિવસ દરમ્યાન રજૂ કરશે : ૨૧મીએ ફાઈનલ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેન્ટર ફોર આર્ટસ આયોજિત "કુલપતિ કનૈયાલાલ મુન્શી ગુજરાતી એકાંકી નાટ્ય સ્પર્ધા" શુક્રવારથી અમદાવાદ ખાતે યોજાઈ રહી છે.

સેન્ટર ફોર આર્ટસના જે. એ. ઓડીટોરીયમમાં તારીખ ૧૩ સપ્ટેમ્બરને સવારે ૧૨ કલાક થી આ સ્પર્ધા શરુ થશે અને ૨૧ સપ્ટેમ્બર સુધી ચાલશે. આ સ્પર્ધામાં સમગ્ર ગુજરાત અને મુંબઈના રંગકર્મીઓ જોડાયા છે. જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, બરોડા, ભાવનગર, જામનગર, નવસારી, ભરૂચ, ગાંધીનગર, પાલનપુર, વિસનગરથી કુલ ૩૧ નાટ્યજૂથો પોતાના નાટ્ય પ્રયોગ ૩ દિવસ દરમ્યાન રજુ કરશે.

ભારતને ખૂણે ખૂણે યોજાતી રહેલી વિવિધ ભાષાઓની વિવિધ સ્તરની અને વિવિધ સ્વરૂપની એકાંકી સ્પર્ધાઓનો ઈતિહાસ ભારતીય વિદ્યા ભવન કલા કેન્દ્રની ૧૯૫૧થી શરૂ થયેલી વિવિધ ભાષી એકાંકી સ્પર્ધાથી શરૂ થાય છે, એમ નિઃશંક કહી શકાય. ભવનની ઘણી સ્પર્ધાઓ વિશ્વના સૌથી વિખ્યાત મહોત્સવનું સ્વરૂપ લઈ ચૂકી છે. જાણીતા રંગકર્મીઓ જેવા કે પ્રબોધ જોશી, પ્રવીણ જોશી, કાન્તિ મડિયા, ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ત્રિવેદી, વિજય આનંદ, રાજેશ ખન્ના, અમજદ ખાન, વિજયા મહેતા, અરવિંદ દેશપાંડે, ફારુખ મહેતા તેમજ ડૉ કાશીનાથ ઘણેકર તથા પ્રકાશ કાપડિયા, જમનાદાસ મજેઠીયા, દેવેન ભોજાની, સંજય છેલ, વિપુલ શાહ, હિતુ કનોડિયા, શર્મન જોષી, અંકુશ ચૌધરી, ભરત જાધવ, કેદાર શિંદે, પ્રવીણ સોલંકી, કમલેશ મોતા, લલિત શાહ જેવા અનેક ગુજરાતી, મરાઠી, અંગ્રેજી કલાકારોએ પોતાની પા...પા... પગલી આ મંચથી કરી અને આજે એમના નામ ખુબજ ગર્વથી લેવાય છે.

અને હવે ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેન્ટર ફોર આર્ટસ અમદાવાદ દ્વારા ભારતીય વિદ્યા ભવનની 'કુલપતિ કનૈયાલાલ મુનશી' ગુજરાતી એકાંકી નાટ્ય સ્પર્ધાનો તખ્તો સજાવાયો છે જેમાં આજના યુવાનો પોતાની પ્રતિભા પ્રેક્ષકો સમક્ષ રજુ કરશે.

"કુલપતિ કનૈયાલાલ મુન્શી ગુજરાતી એકાંકી નાટ્ય સ્પર્ધા" ૧૩સપ્ટેમ્બરથી શરુ થતી આ એકાંકી સ્પર્ધા કોલેજ પૂરતી માર્યાદિત ન રહેતાં રજીસ્ટર્ડ-અનરજીસ્ટર્ડ સંસ્થા, મંડળ કે વ્યક્તિઓનાં જૂથોએ પણ આ સ્પર્ધામાં ભાગ લીધો છે. ૧૩,૧૪,૧૫ સપ્ટેમ્બરની વિજેતા ૬ ટીમો તા.૨૧/૦૯/૨૦૧૮ ને સાંજે ૪.૦૦ કલાકે ફાઈનલ સ્પર્ધામાં મુકાબલો કરશે.

આ સ્પર્ધામાં કુલ ૧ લાખ રૂપિયાનાં ઈનામો અને વિવિધ ટ્રોફી આપવામાં આવશે. આ ટ્રોફી ગુજરાતી રંગભૂમિના એવા ૧૪ માનનીય કલાકારોના નામથી અપાઈ રહી છે કે જેમણે ગુજરાતમાં રહી સમગ્ર જીવન રંગભૂમિને સમર્પિત કર્યું છે અને એક દંતકથા રૂપ પ્રદાન કર્યું છે.

# રોટરી ક્લબ ઑફ કૅપિટલ દ્વારા રાજ્યપાલની શુભેચ્છા મુલાકાત



ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા ગુજરાતના નવનિયુક્ત મહામહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાત તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ યોજવામાં આવી હતી.

આ પ્રસંગે મહામહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં કાર્યો વિશે જાણકારી મેળવીને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. તેઓએ સંસ્થાની કામગીરીથી પ્રભાવિત થઈને આગામી સમયમાં વધુ મજબૂતાઈથી સમાજને મદદરૂપ થઈ શકાય તે માટે અનેકવિધ સુચારુ સૂચનો પણ કર્યા હતા. ખાસ કરીને કૃષિ ક્ષેત્રમાં કાર્ય કરવા અપીલ કરી હતી. તેમજ સંસ્થા દ્વારા યોજવામાં આવતા કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેવાની પણ તૈયાર દર્શાવી હતી.

સંસ્થાના પ્રમુખ શ્રી ડૉ. અંકુર પરમારે રાજ્યપાલશ્રીનું પુષ્પગુચ્છ, પુસ્તકથી સ્વાગત કર્યું હતું. સેક્રેટરી પાર્થ ઠક્કર દ્વારા રાજ્યપાલશ્રીનું મોમેન્ટો અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પૂર્વ પ્રમુખ એસ. કે. નંદા દ્વારા પણ રાજ્યપાલને આવકારી તેમને સંસ્થાની ગતિવિધિઓથી માહિતગાર કરાયા હતા. આ પ્રસંગે સંસ્થાના અન્ય પદાધિકારીઓ જગતભાઈ કારાણી, અરવિંદ રાણા, યુવરાજસિંહ વાઘેલા, મનોજભાઈ સરૈયા, અભેરાજભાઈ ચૌધરી, હસમુખભાઈ મેકવાન, ઈલાબેન વોરા, જયશ્રીબેન ખેતિયા, નરેશભાઈ પ્રજાપતિ, મીતાબેન ઉપાધ્યાય, દીપ્તીબેન સબાપરા, સંજયભાઈ ખખ્ખર, ભાવના ઠક્કર ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

# એક સાવચેતી

॥ બીજો મણકો ॥

આ વૈદ્યો મને દૂધના ત્યાગમાં કાયમ રહેવાની મદદ કરી શકે તેમ નહોતું. જ્યાં 'બીફ ટી' અને બ્રૅંડીને સ્થાન છે ત્યાંથી દૂધના ત્યાગમાં મદદ ક્યાંથી મળે ? ગાયભેંસનું દૂધ તો લેવાય જ નહીં. મને વ્રત હતું. વ્રતનો હેતુ તો દૂધમાત્રનો ત્યાગ કરવાનો હતો. પણ વ્રત લેતી વખતે મારી સામે ગાય અને ભેંસમાતા જ હતાં તેથી અને જીવવાની આશાએ મેં મનને જેમતેમ ફોસલાવી લીધું. વ્રતનો અક્ષર પાળ્યો ને બકરીનું દૂધ લેવાનો નિશ્ચય કર્યો. મારા વ્રતનો આત્મા હણાયો એમ મેં બકરીમાતાનું દૂધ લેતી વેળા પણ જાણ્યું.

પણ મારે 'રૉલેટ ઍક્ટ સામે ઝૂઝવું હતું, એ મોહ મને મૂકતો નહોતો. તેથી જીવવાની પણ ઈચ્છા રહી ને જેને હું મારા જીવનનો મહાન પ્રયોગ માનું છું તે અટક્યો.

ખાવાપીવાની સાથે આત્માને સંબંધ નથી, તે નથી ખાતો, નથી પીતો, જે પેટમાં જાય છે તે નહીં, પણ જે વચનો અંદરથી નીકળે છે તે હાનિલાભ કરે છે વગેરે દલીલો હું જાણું છું. એમાં તથ્યાંશ છે, પણ દલીલમાં ઊતર્યા વિના અહીં તો મારો દઢ નિશ્ચય જ મૂકી દઉં છું કે, જે મનુષ્ય ઈશ્વરથી ડરીને ચાલવા ઈચ્છે છે, જે ઈશ્વરનાં પ્રત્યક્ષ દર્શન કરવા ઈચ્છે છે, એવા સાધકને મુમુક્ષુને સારુ પોતાના ખોરાકની પસંદગી-ત્યાગ અને સ્વીકાર-એટલાં જ આવશ્યક છે, જેટલાં વિચાર અને વાચાની પસંદગી-ત્યાગ અને સ્વીકાર-આવશ્યક છે.

પણ જે બાબતમાં હું પોતે પડ્યો છું તે બાબતમાં બીજાઓને મારે આધારે ચાલવાની હું સલાહ ન આપું એટલું જ નહીં, પણ તેમને રોકું. તેથી આરોગ્યના પુસ્તકને આધારે પ્રયોગો કરનારાં બધાં ભાઈબહેનોને હું સાવધાન કરવા ઈચ્છું છું. દૂધનો ત્યાગ સર્વાંશે લાભદાયી લાગે, અથવા અનુભવી વૈદ્યદાક્તરોની તેનો ત્યાગ કરવાની સલાહ હોય તે સિવાય, કેવળ મારા પુસ્તકને આધારે તેઓ દૂધનો ત્યાગ ન કરે. અહીંનો મારો અનુભવ અત્યાર લગી તો મને એમ સૂચવે છે કે જેની હોજરી મંદ થઈ છે ને જે પથારીવશ થયો છે તેને સારુ દૂધ જેવો બીજો હલકો તથા પોષક ખોરાક જ નથી. તેથી દૂધની મર્યાદા જે એ પુસ્તકમાં સૂચવી છે તે પર હઠ નરાખવા તે પુસ્તક વાંચનારને મારી વિનંતી અને ભલામણ છે.

આ પ્રકરણના વાંચનાર કોઈ વૈદ્ય, દાક્તર, હકીમ કે બીજા અનુભવી દૂધની અવેજીમાં તેટલી જ પોષક તથા પાચક વનસ્પતિ, પોતાના વાંચનના આધારે નહીં પણ અનુભવના આધારે, જાણતા હોય તો મને જણાવી મારા ઉપર ઉપકાર કરે.



સૌજન્ય : સત્યના પ્રયોગો

સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રથમ વાર્ષિક ઉજવણી નિમિત્તે

# વિશ્વશાંતિ અર્થે સંતો દ્વારા સમૂહ પ્રાર્થના





ભવ્ય ભાતીગળ ભારત રાષ્ટ્રના નિર્માણમાં સિંહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનો ફાળો અજોડ, અનન્ય અને અદ્વિતીય છે. એ આત્મીય આપણા વ્હાલા પ્યારા સરદાર વલ્લભભાઈ પટેલનું સ્ટેચ્યુ સરદાર સરોવર ડેમના વ્યુ પોઈન્ટ પર પ્રથમ પ્રેરણાત્મક સ્થાપન બે દાયકા પૂર્વે મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ તેમજ તત્કાલીન અટલબિહારી વાજપેયીજીની સરકારના સમયમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તો સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૪મી જયંતી તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રથમ વાર્ષિક ઉજવણી પ્રસંગના ભાગરૂપે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ પોતાના સંતો-ભક્તો તેમજ સંસ્થાનનું વિશ્વ પ્રસિદ્ધ શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્કોટિશ પાઈપ બેન્ડ સહિત પધારી, બહાદુર અને બાહોશ સરદાર વલ્લભભાઈ પટેલને સેલ્યુટ કરી હતી. વિશ્વમાં શાંતિ સ્થપાય તદર્થે સમૂહ પ્રાર્થના પણ કરવામાં આવી હતી.